## પ્રમુખીય

# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

**સિતાંશુ યશશ્ચન્દ્ર**

### લેખાંક-૧૩

ગતાંકે સુનીલ ગંગોપાધ્યાયના જે 'નીરા કાવ્ય'ની વાત શરૂ કરી હતી, એ કાવ્યનો ગુંજારવ પૂરો માણવા માટે એની સબટેક્સ્ટને જાણવી, એ આવશ્યક નહીં તોયે ઉપયોગી બની શકે.ગતાંકે અનુવાદ રૂપે જોયેલા કાવ્ય વિશે ત્રણ નોંધો મૂકવા ધારી છે. આ બીજી. આ નોંધ એ કૃતિની સબટેક્સ્ટ અંગે.

આ 'ટેક્સ્ટ' અને 'સબટેક્સ્ટ' એ વળી છે શું, એવો સવાલ કોઈને થાય, તો એ વાજબી છે. એક રૂપકથી આ વાત સમજીએ. કોઈ માતબર કાવ્યકૃતિ,મેજર પોએટિક ટેક્સ્ટ, કોઈ વૃક્ષની આકાશમાં ફેલાયેલી વિશાળ પર્ણઘટા જેવી હોય છે. ફળ-ફૂલ-સભર. નરસિંહ મહેતા કહે છે તેમ, 'વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે!' કાવ્યકૃતિનો એવો પ્રગટ અને રમણીય વ્યાપ, તે એની ટેક્સ્ટ. (પાઠ કે પ્રબંધ.) એની સબટેક્સ્ટ એટલે પેલા વૃક્ષનાં મૂળિયાંની ભૂગર્ભ દુનિયા. પેલી ઘટા કરતાંયે વધારે પહોળી અને લાંબી મૂળ-જાળ કે રૂટ-સિસ્ટમ જે રીતે પ્રસરે, પાણાઓને પાર કરી પાણી સુધી પહોંચે, પેલી ઘટા માટે સતત રસકસ મેળવે, એ જાણવાનો રોમાંચ પણ માણવા જેવો છે! અખો મૂળિયાંનો માણસ, એટલે એ આવો મૂળગામી રોમાંચ પણ માણતો! અલબત્ત, કોઈ વાચક કે લેખકનો રસ જો માત્ર મૂળિયાંમાં જ સીમિત થઈ જાય, તો એના ખેતરમાં કેવળ કંદમૂળના પાક ઊતરેઃ ('કાવ્ય'સંગ્રહમાં) બટાકા જ બટાકા! બહુ બહુ તો શક્કરિયાં! ન વાલોળપાપડી, ન કેરી, ન કોઠાં, ન નાળિયેર!! વળી, 'કવિતા તો કેવળ કવિ-જીવનનો તરજૂમો છે,' એવી ભ્રમણાના કળણમાં કોઈ ભોળા જીવનવાદી જો ફસાયા તો ભાવકતાનો સજીવ શ્વાસ, જે કાવ્યપુષ્પની મહેક માણવા જરૂરી છે, એ પેલી ભ્રામક જીવનલક્ષિતાના કાદવમાં ગરક થઈ, રૂંધાઈ, તરફડીને ટૂંપાઈ જાય! તો, આપણી સજીવતાને સાચવીને, ગતાંકે વાંચેલા નીરાની માંદગી અંગેના કાવ્ય('નીરાને આજે જરા ઠીક નો'તું')-ની સબટેક્સ્ટને જાણવાનો યત્ન, એ કૃતિને પૂરી માણવા માટે, કરીએ. એ જ છે મૂળથી મહેક સુધીની આપણી આ ત્રણ પડાવોવાળી આનંદયાત્રા, બલ્કે સાહસસફર!

*

કવિતા બાબત કેળવાયેલા એવા બંગાળીઓ, 'આ નીરા અસલમાં છે કોણ?' એવો મુગ્ધરસિક સવાલ નહીં કરતા હોય, એવી મારી માન્યતા હતી. કૉલકાતા ગયો ત્યારે એ

તૂટી! વર્ષો પહેલાં, સુનીલદા અને સ્વાતિજીને ઘેર, એક સાંજે, અંજની અને હું ગયાં હતાં. સ્વાદિષ્ટ (જોકે માછલી વિનાનું) (પણ 'સોન્દેશ' સહિતનું) બંગાળી ભોજન કરતે કરતે ચાલેલી વિનોદગોષ્ઠિમાં સ્વાતિજીએ સહજસ્વરે કહ્યું કે 'લોકો મને ક્યારેક પૂછે છે કે સુનીલની 'નીરા' તે તમે જ ને?' સહેજ અધ્ધરજીવે અમે સાંભળતાં રહ્યાં. એ કહેઃ 'ત્યારે હું કહું છું કે હું 'સ્વાતિ' છું, 'નીરા' નહીં!' ડાઇનિંગ ટેબલ પરનાં બધાંનું કલહાસ્ય શમી ગયા પછી મારે ઉમેરવાનું થયું કે ન તો એ કાવ્યોમાં બોલતો યુવક, તે આ સુનીલદા છે! મારી વાત સાંભળી એ કવિની આંખમાં જે ચમક ઊઠી, એ સંમતિની હતી કે અસંમતિની, એનો મર્મ કોણ પામી શકે?!

પણ જેમ 'મેઘદૂત'-નો નાયક એ કંઈ કવિ કાલિદાસ નથી, એ તો 'કશ્ચિત્ ... યક્ષઃ', 'કોઈ (પણ) એક (નવયુવક) યક્ષ' છે, એ જ પ્રમાણે 'નીરા'-કાવ્યોનો કૉલેજિયન છોકરો એ કંઈ કવિ સુનીલ ગંગોપાધ્યાય નથી. એને આપણે 'કશ્ચિત્ બંગઃ' કહી શકીએ! 'કોઈ એક કલકત્તાનિવાસી નવયુવક' ! અતિનિશ્ચિત નહીં! મારી એ વાત સાંભળી અંજની અને સ્વાતિ એકસાથે હસી પડ્યાં હતાં!

વીસમી સદીના ઉત્તરાર્ધના બંગાળનું યુવા-વિશ્વ, જેટલું બૌદ્ધિક તેટલું જ ભાવુક, જેટલું વાસ્તવવાદી તેટલું જ સ્વપ્નિલ હતું. એકસાથે લચીલુ અને હઠીલું, એવું એ બંગ-યુવા-વિશ્વ. એ જ તો 'નીરા કાવ્યો'ની સબટેક્સ્ટમાં ધબકે છે! એથી કમ કાંઈ નહીં.

*

તોયે, સવાલ તો ભલે અલગ રીતે પણ ઊભો જ રહ્યો કે આ નીરાને 'સાધારણીકરણે' ઓળખવી કેમ? ને નીરાને આટલો અને આવો લવ કરનાર યુવકની પણ ઓળખ, આપઓળખ શી? 'નીરા કાવ્યો'-ની મૂળ-જાળ, રૂટ-સિસ્ટમ શી છે, ક્યાં ક્યાં પહોંચે છે? એમની ડાળીઓ, એમની ઘટા, એમનો મહેકતો પરાગ ક્યાં ક્યાં પહોંચે છે? શા માટે શતાબ્દીઓ પછીયે 'મેઘદૂત' અને દશકાઓ પછીયે 'નીરા કાવ્યો' વંચાતાં જ રહે છે? મતલબ, આ નીરા છે કોણ? અને આ છોકરો?

નીરા-ગુચ્છની એક કવિતામાં પહેલી જ પંક્તિમાં એ કિશોર પેલી કિશોરી નીરાને કહે છે : 'જેવો તેં તારા ઘરનો દરવાજો ઉઘાડ્યો, કે હું જનાવરમાંથી માણસ બની ગયો.' ભીનેવાન કિશોરી નીરાને એના પિતાને ઘેર હિમ્મત કરીને મળવા જનારો એ કૉલેજિયન છોકરો કોણ હતો, એનું નામ શું, એ બાબત આ કાવ્યો ભાગ્યે જ કશું કહે છે. એટલું જ કહે છે કે 'જેવો તેં તારા ઘરનો દરવાજો ઉઘાડ્યો, કે હું જનાવરમાંથી માણસ બની ગયો.' કિશોરી-સ્નેહ-કિશોર, એ ત્રણની અરસપરસની અલ્કેમી કે જાદુઈ કીમિયા બાબત આથી વધારે સાચી વાત આથી ઓછા શબ્દોમાં સુનીલ સિવાય કોણ કહી શકે?! આ આધુનિક સમયમાંયે એના પોતાના પ્રકારના લવની અલ્કેમી, એનો કીમિયો કેવો ચાલે છે, એની વાત સુનીલ ગંગોપાધ્યાયની સમગ્ર રચનાસૃષ્ટિનાં મૂળમાં રહી છે, *મોનેર માનુષ* હો કે *શેઈ શોમોય*, કે *પ્રોથોમ આલો*, અથવા *નીરા* અને *નિખિલેશ* શ્રેણીઓનાં કાવ્યો : સુનીલ ગંગોપાધ્યાય સ્નેહના જાદુની વાત શબ્દના જાદુગરની અદાથી કહેતા રહે છે.

અન્યત્ર એક નીરા કાવ્યમાં એ યુવક બોલી ઊઠે છે: ‘આ હાથથી મેં અડકી લીધું છે નીરાના ચહેરાને / આ હાથથી તે કાંઈ હું પાપ કરી શકું?’

*

એક કાવ્યમાં નીરાના એ દોસ્તના જન્મ પહેલાંની સ્થિતિનું આલેખન છે. આ કવિનાં કેટલાંક કાવ્યોના અંગ્રેજી અનુવાદનું જે પુસ્તક મારી પાસે છે, (*You are Neera,* tr Anurava Sinha, 2014), તે પુસ્તકમાત્રના પાગલ રસિયા એવા કવિ-ચિત્રકાર પીયૂષ ઠક્કરે મને વાંચવા આપ્યું છે. એક પુસ્તકનો વાચન-યાત્રા-પથ જે રીતે ભાષા, ભૂગોળ અને વયજૂથના કૈંક સીમાડા ઓળંગતો હોય છે એનો નકશો પણ એક સબટેક્સ્ટ બની શકે.

અનુવાદક સિન્હાના ઉપર નોંધેલા, ગેરરસ્તે દોરનારા, સપાટ શીર્ષકને ખોટું ઠેરવતી એમાંની એક કવિતાનું શીર્ષક છે : ‘The First Question’. કિશોર રૂપે જે નીરાના લવમાં પડવાનો છે, એવા ‘હું’ -ની, એ જન્મ્યો એ પહેલાંની વાત એ કૃતિમાં મંડાય છે : ‘જ્યારે હું તો હજી માંસનો લોચો હતો, નખ કે દાંત વગરનો, મારી માના પેટમાં, / ત્યારે મને એક સપનું આવ્યું હતું.’ લો, આ તો ગંગોપાધ્યાયે લખેલી જાતકકથા નીકળી!! જોકે સપનું અહીં માતાને નહીં, ગર્ભસ્થ શિશુને આવ્યું છે. કેવું? — ‘[એ સપનામાં] નીરા નામની એક સ્ત્રી એક નદીને તટે ઊભી હતી, / એની સાડીનો પાલવ પવનમાં ફરકતો હતો / સ્વર્ગલોકની લહેરાતી વિજયપતાકાસમો!’ ઓહો! બીજું કાંઈ? હા, ‘એક યુવક એની સામે ઊભો હતો.’ કેવો? ‘તલવારને ટેકવીને ઊભેલો!’ – વાહ! પણ પેલા લોચાનું શું થયું? ‘પછી હું જન્મ્યો, વીજળીઓના ચમકારા થતા હતા, એવી રાતે.’ કોઈકે એ નવજાતના હોઠે મધ લગાડ્યું, કોઈકે એની આંખોમાં ગુલાબજળ છાંટ્યું, પણ ‘મારે એવા અસહ્ય અતિરેકોનો કોઈ ખપ નહોતો…’ એ જાતકની તો આજીવન એક જ વાત : ‘નીરા ક્યાં છે? ક્યાં છે પેલી સ્ત્રી?’

*

સુનીલનો આ ‘તલવારબાજ’ યુવક કોઈને અતુલ ડોડિયાના પેલા ‘જેમ્સ બૉન્ડ’ની યાદ દેવડાવે — બંનેમાં એ જ આત્મવિશ્વાસ અને આત્મવિનોદ ! ‘તલવારને ટેકવીને ઊભેલો’ ને તોયે કૉલકાતાની ગીચ ફૂટપાથો પર આથડ્યા કરતો આ યુવક અને પેલી ‘ક્યાં છે?’ નીરા, એ બંને કદાચ એક જ કૉલેજમાં ભણતાં હશે, લાલ બાવટાના સરઘસોમાં સાથે સાથે નારા લગાવતાં હશે.પછી ચાર-પાંચ દિવસ માટે કશુંક ઝગડ્યાં હશે — મોસ્ટ પ્રોબેબ્લી કોઈક રાજકીય સૈદ્ધાંતિક બાબતે મતભેદ થતાં! કૉલકાતામાં, કદાચ એક જ કૉલેજમાં હોવા છતાં એકબીજાને મળવાનું ટાળતાં હશે. હશે તો બંને કૉલકાતામાં જ, પણ એ બંને તો સુનીલ ગંગોપાધ્યાયની અજોડ સર્જકતાનાં સર્જનો છે. એટલે એ યુવક એ નીરાને કહે છે : ‘નીરા, આઘી આઘી જતી એક નૌકામાં તું એકલી છે, તારી બંને પાંખો પસારીને. / હું એક મેઇલ ટ્રેનમાં ક્યાંક અંતરિયાળ એકલો છું / એક સ્ટેશનનું નામ વાંચી શકતો નથી.’ — ક્યાંનો ક્યાં ફેંકાઈ ગયો, એ! ક્યાંક ‘અંતરિયાળ’ જગ્યાએ, ભૂલો

પડેલો, ફાસ્ટ ટ્રેન ક્યાં ઘસડી જાય છે, એ સમજી ન શકતો યુવક! ઝડપભેર પસાર થતાં 'સ્ટેશનનું નામ વાંચી શકતો નથી.' દરેક વાચકે રેલયાત્રામાં ક્યારેક ને ક્યારેક અનુભવેલી એ સાવ સામાન્ય વાત ('કયું સ્ટેશન ગયું?' 'નામ બરાબર વંચાણું નહીં') અહીં કેવા અજંપાને, ભયને, કશુંક ખોઈ બેઠાના આતંકને ધ્વનિત કરે છે! એ એક પંક્તિમાં જે વિહ્વળતા છે, અસહાયતા, વાંચવા જતી આંખમાં જે લગભગ ઝળઝળિયાં છે, એ તો આ બંગાળી કવિ જ એ બંગ યુવકની આંખમાં લાવી શકે! કે 'મેઘદૂત'-માં કાલિદાસ! (વાંચો, 'પૂર્વમેઘ'નો ત્રીજો શ્લોકઃ तस्य स्थित्वा कथमपि पुनः कौतुकाधानहेतो / रन्तर्बाष्पश्चिरमनुचरो राजराजस्य दध्यौ.') 'અંતર્બાષ્પ' બંનેની સમાન.

પછી, જાણે નીરાથી આ અંતર પડ્યાનું કારણ કલ્પતો હોય એમ ઉમેરે છે : 'કૉલેજ યુનિયનના એક ફંક્શનમાંથી તારું નામ પાછું ખેંચી લઈને તું એક બારણા પાછળ જઈને સંતાઈ ગઈ છે. / આજકાલ આખી બપોર હું એક કાચમઢ્યા રૂમમાં એક ખુરસીમાં બેઠો રહું છું.'

*

કાચમઢ્યા રૂમમાં એકલો એકલો બેઠેલો યુવક અને બારણા પાછળ સંતાઈ ગયેલી નીરા. બંને નિતાન્ત વૈયક્તિક છે. પણ એમનો સંદર્ભ ઐતિહાસિક છે, એટલે કે સામાજિક અને રાજકીય સંદર્ભ છે. પર્સનલ અને પબ્લિક વચ્ચેનો આ સમકાલીન અનુબંધ સુનીલ ગંગોપાધ્યાયની કવિતાને, નવલકથાને, સમગ્ર સર્જકતાને એની પોતીકી ધાર આપે છે. કાચના ઓરડામાં એકલો બેઠેલો યુવક જાણે છે કે :

'હવે ક્રાન્તિ હાથવેંતમાં આવી જાણો' એવું કહેનારાઓ

હાલ સ્મૃતિચિત્રો ચીતરવામાં મશગૂલ છે.

જે લોકો ભૂસાઈ ગયા એ લોકો સાવ જ ભૂસાઈ ગયા.

કોઈ હવે પ્રેમ વિશે વાત નથી કરતું.

જ્યારે જ્યારે કોઈ પ્રેમની વાત કાઢે છે ત્યારે ત્યારે સંસ્કૃતિ હસવું ખાળી શકતી નથી.

કોઈ જ્યારે મોઢું ધોવા બાથરૂમમાં જાય છે

ત્યારે એ એકલું એકલું આંસુ સારી લે છે

અને ખોબાએક પાણીથી મોં ધોઈ લે છે.

નીરા, હજી આપણે ઘણે લાંબે જવાનું છે, ખોવાઈ ન જતી, જોજે.

જનમજનમાંતર જતા રહેવાનું છે, રખે હવે તું ભૂલી પડતી જોજે.'

આ પંક્તિઓમાં આવતા ત્રણ શબ્દો છે, 'ક્રાન્તિ', 'પ્રેમ', 'સંસ્કૃતિ'. સુનીલ ગંગોપાધ્યાયના સર્જનવિશ્વમાં ક્રાન્તિ અને સંસ્કૃતિ સામસામે છે. જોકે એ આ બંનેને આવકારે છે, પણ એ બંનેની સહિયારી નિષ્ફળતાને પરિણામે યુવા પ્રેમ માટે જગ્યા ન રહે, એનો ઉચાટ આ કવિની આ ગુચ્છની કૃતિઓમાં છે.'હવે પ્રેમ વિશે કોઈ વાત નથી

કરતું.' 'કોઈ પ્રેમની વાત કાઢે તો સંસ્કૃતિ હસવું ખાળી શકતી નથી.' આવી અંગત અને જાહેર પરિસ્થિતિને કવિ સુનીલ ગંગોપાધ્યાય સ્વીકારી શકતા નથી. એવામાં જ તો નીરા માંદી પડે છે.

*

દોસ્તારોનાં નામો આ કાવ્યમાં અલબત્ત આવે છે. ક્યાંક કોક નિખિલેશ છે, કોઈ અરુંધતી છે, એમાં એક હિરણ્મય પણ છે. એની વાત, જોકે, આ રીતે આવે છે :

'નીરાની સામે જઈને આમ ઊભો ન રહે, હિરણ્મય,/ મને એ વાત પસંદ નથી./ નીરાની પડખે જઈને તું આમ ઊભો ન રહે,/ મને એ પણ પસંદ નથી.'

કારણ છે : 'તારામાં કોઈ દૈવી ઝબકાર નથી, હિરણ્મય; તારા ખમીસમાં એક બટન મિસિંગ છે ને તારી કટારનો હાથોયે મિસિંગ છે. . . . હિરણ્મય, તું નીરાની સામે કે પછી એની પડખે આમ ઊભો રહે નહીં, હું કહું છું.' – દોસ્તાર ખરો, ભાઈબંધ ખરો, પણ મારી નીરાની સાથે સટરપટર કરવાનો વિચાર પણ ન કરતો, હિરણ્મય! -- એ મુદ્દો કેવી બંગાળી બોયિશ સ્ટાઇલમાં અહીં રજૂ થયો છે! પંજાબી, મરાઠી કે મલયાલમ ભાષાની કવિતામાં આ બનાવ કલ્પી જુઓ!! ને ગુજરાતી?!

*

અને છેલ્લે, 'નીરા કાવ્યો'ની મૂળ-જાળ, એની રૂટ-સિસ્ટમ સમજવા માટેનું એક અંગત કટોકટીનું કાવ્ય : 'અપમાન અને નીરાને વળતો જવાબ.' દોસ્તી કહો તો દોસ્તી ને લવ કહો તો લવ, એમાં આવેલી એક ખરેખરી કટોકટીની આ કવિતા છે (જે ઇન્દિરા ગાંધીવાળી કટોકટી કરતાં, આ યુવક માટે, સહેજે ઊતરતી કટોકટી નહોતી). નીરાએ જાહેરમાં એના આ દોસ્ત-લવર-નું અપમાન કરી નાખ્યું હતું! કાવ્યની પહેલી આઠ લીટીઓ ભરીને એ વાત કહેવી પડી છે, એ જ એની ગંભીરતાનો પુરાવો છે. એ કહે છે : 'સીડી ઉપર ઊભી ઊભી તું કેમ હસી પડી, ? જોતા'તા ત્રણ દોસ્તો. / 'સીડી ઉપર ઊભી ઊભી તું કેમ હસી પડી ? જોતા'તા ત્રણ દોસ્તો. / સીડી ઉપર ઊભી ઊભી કેમ હસી પડી તું, નીરા, આખર શા માટે? // ઊંઘમાં ને ઊંઘમાં જાણે વજ્રપાત થયો હોય એમ આમ સીડી પર ઊભાં ઊભાં જ, સીડી પર ઊંચેથી, નીરા, હસી પડી તું, ત્રણ દોસ્તોના દેખતાં./ સીડી ઉપરથી કેમ? હસી જ કેમ? જોતા'તા કેમ? ત્રણ દોસ્તો કેમ? સીડી પર ઊભી ઊભી જ કેમ તું હસી કેમ? ત્રણ જ જોનારા કેમ? એ ત્રણ દોસ્તારોપ...' – આમ નીરાએ સાવ જાહેરમાં, સીડી પરથી, હાંસી ઉડાવી, ત્રણ ત્રણ દોસ્તારો દેખતાં, એટલે લાગી તો આવે જ ને, કોઈને ? દ્રૌપદીએ પણ લોકોના દેખતાં દુર્યોધનની હાંસી ઉડાવી હતી, એ યાદ આવે. દુર્યોધન કાંઈ દ્રૌપદીનો દોસ્ત નહોતો! આમ, મારા પર? નીરા? દોસ્તોની હાજરીમાં? સીડી પરથી? . . . એક્ચ્યુઅલી, થોડી ખિલ્લી ઉડાવે, એનો વાંધો નો'તો; એક્ચ્યુઅલી ગમે પણ ખરું. પણ આમ?પબ્લિકલી? જવાબમાં આ યુવકની પિન એક જ વાત પર અટકી ગઈ – ને એ ફરી ફરી બોલાતા શબ્દો કેવા તો રમણીય બન્યા છે, સુનીલની કલમે!

*

અંગત અને જાહેર, પર્સનલ/પ્રાઈવેટ અને પબ્લિક, પ્રબળપણે ઐતિહાસિક અને નિતાન્ત વૈયક્તિક – એ બાઈનરી ઓપોઝિટ્સ વચ્ચેનો તણાવ (એકે તરફના ઝુકાવ વગર તંગ રાખેલો તણાવ) સુનીલ ગંગોપાધ્યાયની સમગ્ર સર્જકતાને એની તાકાત અને એનું સંગીત આપે છેઃ કોઈ મ્યુઝિક માઈસ્ટ્રોના તંતુવાદ્યના ધાતુના તારના મિલિમિટરની ચોકસાઈ ધરાવતા તણાવ માફક.

*

એટલે હવે એ નીરા માંદી પડે તો શું વીતે, એની વાત વધારે સમજી અને માણી શકાય. નીરાની માંદગી માત્ર એના આ દોસ્તને નહીં, આખા કૉલકાતા શહેરને ઉપરતળે કરી નાખે છે, એનું આલેખન કરતી આ કવિતા, એ રીતે એક દ્વિદલ કવિતા છે. એનું એક દલ, એક પરિમાણ તે નિતાન્ત અંગત. એક કિશોરના એક કિશોરી માટેના નર્યા હેતની, નરી ચિંતાની, એ નરી કવિતા છે, ‘પર્સનલ પોએમ’. સાથે જ, એક નગરનો નાતો સ્નેહતત્ત્વ સાથે શો હોઈ શકે, એક આખું શહેર પ્રેમના પરિબળનો કીમિયો, એની જાદુઈ અલ્કેમી કઈ રીતે અનુભવે, એની આ એક ‘પબ્લિક પોએમ’ કહેતાં ‘નગરકવિતા’ પણ છે; કહો એક અલગ તરેહની ‘પોલિટિકલ પોએમ’.

આ થઈ એ કાવ્યની સબટેક્સ્ટ. ભૂગર્ભમાં દૂર દૂર જઈ રસકસ શોધતી આ કૃતિની મૂળ-જાળ આ અંકમાં જોઈ. હવે એ કૃતિની ઘાટીલી ઘટાને, એના પોતાના વિશાળ આકાશમાં મહેક રૂપે વ્યંજિત થઈ ફેલાતી જોઈએ આ ગુચ્છના ત્રીજા અને અંતિમ લેખમાં. એ રીતે આ નાનકડી પણ માતબર કવિતાના સમર્થ સર્જકને ગુજરાતે આપેલી એક અંજલિ સ્વરૂપે, આ નાનકડી (પણ સુદીર્ઘ) કવિતાની ટેક્સ્ટનું નિકટવર્તી અને દ્વિદલ વાચન આવતા અંકમાં.

❑

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

**ફોરમ** દુર્ગેશ ઉપાધ્યાય, ૨૦૧૮, કોમલ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૭૨, રૂ. ૮૦ **યૌવનની દીવાદાંડી** ચંદ્રકાન્ત મહેતા, ૨૦૧૮, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૮ + ૮૮, રૂ. ૧૪૦ **સમયની આરપાર** અનુ. તૃપ્તિ શાહ, ૨૦૧૮, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૬૦, રૂ. ૧૫૦ **જીવનની વાત** જેલમ હાર્દિક, ૨૦૧૮, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૫૨, રૂ. ૧૫૦